# જિરાફભાઈની પેન્સિલ

નાનકડા જિરાફભાઈ, ભણવામાં ખૂબ હોશિયાર!
નિયમિત સ્કૂલે જાય, બધા વિષયોનું હોમવર્ક કરે અને પછી નવરા પડે એટલે સરસ મજાનાં ચિત્રો દોરે!

હા, જિરાફભાઈને ચિત્રો દોરવાનો ખૂબ શોખ!
ચિત્રો દોરવાની એમને ખૂબ મજા પણ પડે!
અને એ તો ખૂબ મસ્ત-મસ્ત દોરે!

એક વખત ચિત્રો દોરવા માટે જિરાફભાઈએ નવી, સરસ મજાની પેન્સિલ લીધી. મજાની ચટ્ટાપટ્ટાવાળી, રૂપાળી પેન્સિલ! લાંબીલચ અને અણિયાળી પેન્સિલ! જિરાફભાઈના નાનકડા હાથમાં આ પેન્સિલ ખૂબ શોભે! બીજી બધી પેન્સિલ કરતાં આ નવી પેન્સિલ જિરાફભાઈને વધારે ગમવા લાગી!



જિરાફભાઈએ નવી પેન્સિલથી એક
નાનકડું ઝાડ દોર્યું. એ ઝાડ પર
લીલાંછમ પાન પણ દોર્યાં.
ઝાડ દોરાઈ ગયું એટલે એ ચિત્રને
જંગલ વચ્ચે રાખી દીધું.

ત્યાંથી જે કોઈ પસાર થાય,
એની નજર તરત જ જિરાફભાઈએ
દોરેલા ઝાડ પર પડે!
બધાંને આ ઝાડ ગમી જાય!
બધાંય એ ઝાડનાં અને
જિરાફભાઈનાં ખૂબ વખાણ કરે!
જિરાફભાઈ તો મનોમન ખુશ થાય!
ખૂબ હરખાય!



નવી પેન્સિલથી દોરેલું ઝાડ જોતજોતામાં જંગલ આખામાં ચર્ચાનો વિષય બની ગયું. દૂર-દૂરથી પશુ-પંખીઓ આ ઝાડ જોવા આવવા લાગ્યાં. બધાંય આ જોઈને આશ્ચર્યમાં મુકાઈ જાય! બધાંય પહેલી નજરે આ ઝાડને સાચકલું ઝાડ જ માની લે! પછી જ્યારે ખબર પડે કે આ તો જિરાફભાઈએ નવી પેન્સિલથી દોરેલું ઝાડ છે; તો બધાં ખુશ થઈને જિરાફભાઈની ચિત્રકારીનાં ખૂબ વખાણ કરે! એમ કરતાં જિરાફભાઈની પેન્સિલ અને એનાથી દોરેલું ઝાડ ચારે તરફ મશહૂર થઈ ગયાં!





ભોળી ચકલી આ સુંદર
ઝાડ જોઈને જિરાફભાઈને પૂછે,
"આ ઝાડની કઈ ડાળીએ માળો બાંધું?
મને આ ઝાડ પર રહેવા દેશો ને,
જિરાફભાઈ?"

જિરાફભાઈ ચકલીની આ વાત સાંભળીને
મનોમન રાજી થાય અને પછી ચકલીને
હકીકત જણાવતાં કહે,
"અરે! ચકલીબાઈ, આ કંઈ સાચું ઝાડ
નથી! આ તો મેં મારી નવી પેન્સિલથી
દોરેલું ઝાડ છે."



જિરાફભાઈની આ વાત ચકલી પહેલાં તો માનવા તૈયાર જ ન થાય, પણ પછી પેન્સિલ જોઈને ચકીબાઈને વિશ્વાસ બેસે કે આ તો ખરેખર જિરાફભાઈએ દોરેલું ઝાડ જ છે.

ક્યારેક વાંદરો હરખાતો આવીને કહેવા લાગે,
**"વાહ... ભૈ, વાહ! કેવું મજાનું ઝાડ છે! આ ઝાડની બધીયે ડાળીઓ મારો ઝૂલો બનશે!" આહા...! કેવી મજા આવશે."**

વાંદરાની આ વાત સાંભળીને જિરાફભાઈ તો ખડખડાટ હસી પડે! એટલે વાંદરાભાઈ તો ગુસ્સે થઈ જાય,
**"એમાં હસો છો શું જિરાફભાઈ? મેં કંઈ ખોટી વાત કરી છે?"**



"ના, ના, વાંદરાભાઈ તમારી વાત જરાય ખોટી નથી! પણ આ ઝાડ ખોટું છે!"
જિરાફભાઈ ચોખવટ કરતાં કહે અને વાંદરો તો આ સાંભળીને ઊછળી જ પડે
"ખોટું છે મતલબ?"

"ખોટું છે મતલબ ખોટું જ છે! જો આ મારી નવી પેન્સિલથી દોરેલું છે આ ઝાડ!"

જિરાફભાઈ પોતાની પેન્સિલ બતાવીને વાંદરાભાઈને વિશ્વાસ અપાવે ત્યારે માંડ એના માનવામાં આવે!